GUJARAT INDUSTRIAL DEVELOPMENT CORPORATION

# ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ

(ગુજરાત સરકાર સ્થાપિત ઉપક્રમ)

ઉદ્યોગભવન, બ્લોક નં.૩,૪,૫, બીજો માળ, ઘ–રોડ,
સેકટર–૧૧, ગાંધીનગર –૩૮૨૦૧૭

ફોન નં.:૦૭૯–૨૩૨૫૦૬૩૪ થી ૨૩૨૫૦૬૩૭ ફેકસ નં.: ૦૭૯–૨૩૨૫૦૬૯૯

**Website : www.gidc.gov.in**

## <u>જાહેરાતનું વેબપેજ</u>

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમમાં નીચે દર્શાવેલ વર્ગ–૧ / વર્ગ–૨ તથા ૩ ના વિવિધ સંવર્ગોની જગ્યાઓ પર નિમણુક માટે ઉમેદવારોને પસંદ કરવા મેરીટ યાદી તૈયાર કરવા માટે જગ્યાના સંદર્ભમાં ઉલ્લેખ કરેલ શૈક્ષણિક લાયકાત, અનુભવ તથા વય મર્યાદા ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓજસ વેબસાઈટ પર ઓનલાઈન અરજીઓ માંગવામાં આવે છે. આ માટે ઉમેદવારએ **http://ojas.guj.nic.in** વેબસાઈટ પર તારીખઃ૧૩–૦૫–૨૦૧૩ (૧૪.૦૦ કલાક) થી તારીખઃ૧૫–૦૬–૨૦૧૩ (૨૩.૫૯ કલાક) દરમ્યાન અરજી કરવાની રહેશે. ઉમેદવારે તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ **(15 kb)** અને સહીનો નમૂનો **(15 kb)** સાઈઝ થી વધે નહી તે રીતે **jpg** ફોરમેટમાં સ્કેન કરી ઓનલાઈન અરજી અપલોડ કરવાની રહેશે. ઉમેદવારએ પોતાના બધાં જ શૈક્ષણિક, વય, જાતિ, અનુભવ તેમજ લાયકાતના પ્રમાણપત્રો પોતાની પાસે રાખવાના રહેશે અને અરજી પત્રકમાં તે મુજબની વિગતો ભરવાની રહેશે. પરીક્ષા સંદર્ભની બધી જ સુચનાઓ ઉમેદવારના મોબાઈલ નંબર પર **SMS** થી આપવામાં આવશે. આથી અરજી પત્રકના સંબંધિત કોલમમાં મોબાઈલ નંબર દર્શાવવો અને પરીક્ષા / ભરતીની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી તે નંબર જાળવી રાખવો જરૂરી છે.

**<u>ભરવાપાત્ર જગ્યાઓ સહ અનામત ટકાવારી મુજબ જાતિવાર ભરવાની થતી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.</u>**

| **૧. મેનેજર / પ્રાદેશિક મેનેજર** | અનુ.જાતિ | | અનુ.જનજાતિ | | સા.શૈ.પ. | | બીન અનામત | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | |
| | – | – | – | ૧ | – | ૨ | ૨ | ૫ | ૧૦ |
| વર્ગ | ૧ | | | | | | | | |
| પગાર ધોરણ | પે–બેન્ડ રૂ.૧૫૬૦૦–૩૯૧૦૦ + ગ્રેડ–પે રૂ.૬૬૦૦ | | | | | | | | |
| વય મર્યાદા | ઉમેદવારએ ૨૫ વર્ષની ઉંમર પુરી કરેલ હોવી જોઈએ. પરંતુ ૪૫ વર્ષ કરતા ઉંમર વધુ હોવી જોઈએ નહી. ( તાઃ૧૫–૬–૨૦૧૩ ની સ્થિતિએ) | | | | | | | | |
| શૈક્ષણિક લાયકાત | ઉમેદવાર માન્ય યુનિર્વસીટીની કોઈપણ ફેકલ્ટીમાંથી ઓછામાં ઓછી હાયર સેકન્ડ કલાસ સ્નાતકની અથવા તેનાથી ઉચ્ચ અથવા સમકક્ષ પદવી ધરાવતા હોવા જોઈએ. માન્ય યુનિર્વસીટી અથવા સંસ્થામાંથી બીઝનેસ મેનેજમેન્ટની ડીપ્લોમા અથવા ડીગ્રી આવકાર્ય રહેશે. | | | | | | | | |
| અનુભવ | ઉમેદવાર ઓછામાં ઓછો ૫ વર્ષનો વહીવટી અને કારોબારી (એકઝીકયુટીવ) અનુભવ ધરાવતા હોવા જોઈએ. | | | | | | | | |

| **૨.નાયબ મેનેજર** | અનુ.જાતિ | | અનુ.જનજાતિ | | સા.શૈ.પ. | | બીન અનામત | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | |
| | – | – | – | – | – | – | – | ૧ | ૧ |
| વર્ગ | ૧ | | | | | | | | |
| પગાર ધોરણ | પે–બેન્ડ રૂ.૧૫૬૦૦–૩૯૧૦૦ + ગ્રેડ–પે રૂ.૫૪૦૦ | | | | | | | | |
| વય મર્યાદા | ઉમેદવારએ ૨૫ વર્ષની ઉંમર પુરી કરેલ હોવી જોઈએ. પરંતુ ૪૦ વર્ષ કરતા ઉંમર વધુ હોવી જોઈએ નહી. ( તાઃ૧૫–૬–૨૦૧૩ ની સ્થિતિએ) | | | | | | | | |
| શૈક્ષણિક લાયકાત | ઉમેદવાર માન્ય યુનિર્વસીટીની કોઈપણ ફેકલ્ટીમાંથી ઓછામાં ઓછી હાયર સેકન્ડ કલાસ સ્નાતકની અથવા ઉચ્ચ અથવા સમકક્ષ પદવી ધરાવતા હોવા જોઈએ. | | | | | | | | |
| અનુભવ | ઉમેદવાર ઓછામાં ઓછો પાંચ વર્ષનો વહીવટી અને કારોબારી (એકઝીકયુટીવ) અનુભવ ધરાવતા હોવા જોઈએ. | | | | | | | | |

| **૩.નાયબ મુખ્ય હિસાબી અધિકારી** | અનુ.જાતિ | | અનુ.જનજાતિ | | સા.શૈ.પ. | | બીન અનામત | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | |
| | – | – | – | – | – | – | – | ૧ | ૧ |
| વર્ગ | ૧ | | | | | | | | |
| પગાર ધોરણ | પે–બેન્ડ રૂ.૧૫૬૦૦–૩૯૧૦૦ + ગ્રેડ–પે રૂ.૬૬૦૦ | | | | | | | | |
| વય મર્યાદા | ઉમેદવારએ ૩૦ વર્ષની ઉંમર પુરી કરેલ હોવી જોઈએ. પરંતુ ૪૫ વર્ષ કરતા ઉંમર વધુ હોવી જોઈએ નહી. ( તાઃ૧૫–૬–૨૦૧૩ ની સ્થિતિએ) | | | | | | | | |
| શૈક્ષણિક લાયકાત | ઉમેદવાર ૬૦% માર્કસ સાથે ચાર્ટડ એકાઉન્ટન્ટ અથવા કોસ્ટ એકાઉન્ટન્ટની પદવી અથવા ઉચ્ચ અથવા સમકક્ષ પદવી માન્ય યુનિર્વસીટીમાંથી ધરાવતા હોવા જોઈએ. | | | | | | | | |
| અનુભવ | ઉમેદવાર ઓછામાં ઓછો ૮ વર્ષનો સરકારી / ધંધાકીય હિસાબનો અનુભવ ધરાવતા હોવા જોઈએ. | | | | | | | | |

| **૪.શ્રેયાન હિસાબી અધિકારી** | અનુ.જાતિ | | અનુ.જનજાતિ | | સા.શૈ.પ. | | બીન અનામત | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | |
| | – | – | – | – | – | – | – | ૨ | ૨ |
| વર્ગ | ૧ | | | | | | | | |
| પગાર ધોરણ | પે–બેન્ડ રૂ.૧૫૬૦૦–૩૯૧૦૦ + ગ્રેડ–પે રૂ.૫૪૦૦ | | | | | | | | |
| વય મર્યાદા | ઉમેદવારએ ૨૫ વર્ષની ઉંમર પુરી કરેલ હોવી જોઈએ. પરંતુ ૪૫ વર્ષ કરતા ઉંમર વધુ હોવી જોઈએ નહી. ( તાઃ૧૫–૬–૨૦૧૩ ની સ્થિતિએ) | | | | | | | | |
| શૈક્ષણિક લાયકાત | ઉમેદવાર ચાર્ટડ એકાઉન્ટન્ટ અથવા એકાઉન્ટન્સીના સ્પેશ્યલ વિષયની પદવી અથવા ઉચ્ચ અથવા સમકક્ષ પદવી માન્ય યુનિર્વસીટીમાંથી ધરાવતા હોવા જોઈએ. | | | | | | | | |
| અનુભવ | ઉમેદવાર ઓછામાં ઓછો પાંચ વર્ષનો સરકારી / ધંધાકીય હિસાબનો અનુભવ ધરાવતા હોવા જોઈએ. | | | | | | | | |

| **૫.હિસાબી અધિકારી** | અનુ.જાતિ | | અનુ.જનજાતિ | | સા.શૈ.પ. | | બીન અનામત | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | |
| | – | – | – | ૧ | – | ૧ | ૧ | ૨ | ૫ |
| વર્ગ | ૨ | | | | | | | | |
| પગાર ધોરણ | પે–બેન્ડ રૂ.૯૩૦૦–૩૪૮૦૦ + ગ્રેડ–પે રૂ.૪૬૦૦ | | | | | | | | |
| વય મર્યાદા | ઉમેદવારએ ૨૫ વર્ષની ઉંમર પુરી કરેલ હોવી જોઈએ. પરંતુ ૩૫ વર્ષ કરતા ઉંમર વધુ હોવી જોઈએ નહી. ( તાઃ૧૫–૬–૨૦૧૩ ની સ્થિતિએ) | | | | | | | | |
| શૈક્ષણિક લાયકાત | ઉમેદવાર દ્વિતીય વર્ગ સાથે માસ્ટર ડીગ્રી ઈન કોમર્સની પદવી અથવા ઈન્ટરમીડીએટ | | | | | | | | |

| | |
|---|---|
| | ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ / અથવા ઈન્ટરમીડીએટ ઈન્ડીયન કોસ્ટ એન્ડ વર્કસ એકાઉન્ટસની પદવી ધરાવતા હોવા જોઈએ. |
| અનુભવ | ઉમેદવાર ઓડીટ કામનો ઓછામાં ઓછો બે વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ. |

| **૬.આર્કીટેકટ ટાઉન પ્લાનર** | અનુ.જાતિ | | અનુ.જનજાતિ | | સા.શૈ.પ. | | બીન અનામત | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | |
| | – | – | – | – | – | – | – | ૧ | ૧ |
| વર્ગ | ૧ | | | | | | | | |
| પગાર ધોરણ | પે–બેન્ડ રૂ.૧૫૬૦૦–૩૯૧૦૦ + ગ્રેડ–પે રૂ.૬૬૦૦ | | | | | | | | |
| વય મર્યાદા | ઉમેદવારએ ૨૮ વર્ષની ઉંમર પુરી કરેલ હોવી જોઈએ. પરંતુ ૪૫ વર્ષ કરતા ઉંમર વધુ હોવી જોઈએ નહી. ( તાઃ૧૫–૬–૨૦૧૩ ની સ્થિતિએ) | | | | | | | | |
| શૈક્ષણિક લાયકાત | ઉમેદવાર માન્ય યુનિર્વસીટીમાંથી સ્નાતક અથવા ડીપ્લોમા સાથેનો પાંચ વર્ષનો આર્કીટેકચરનો કોર્સ અને બે વર્ષનો અનુસ્નાતક સાથેનો ટાઉન પ્લાનીંગનો કોર્સ અથવા સમકક્ષ અથવા ઉચ્ચ ધંધાકીય લાયકાત ધરાવતા હોવા જોઈએ. | | | | | | | | |
| અનુભવ | ૧.ઉમેદવાર પાંચ વર્ષનો આર્કીટેકટ અને ટાઉન પ્લાનીંગનો ધંધાકીય અનુભવ ધરાવતા હોવા જોઈએ.<br>૨.ઉમેદવાર ટાઉન પ્લાનીંગ અને પ્લાનીંગ ઈન્ડસ્ટ્રીયલ ટાઉનશીપનો ભારતમાં અને / અથવા વિદેશનો અનુભવ ધરાવતા હોવા જોઈએ. | | | | | | | | |

| **૭.નાયબ કાર્યપાલક ઈજનેર(સિવિલ)** | અનુ.જાતિ | | અનુ.જનજાતિ | | સા.શૈ.પ. | | બીન અનામત | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | |
| | – | – | – | – | – | ૧ | – | ૧ | ૦૨ |
| વર્ગ | ૨ | | | | | | | | |
| પગાર ધોરણ | પે–બેન્ડ રૂ.૯૩૦૦–૩૪૮૦૦ + ગ્રેડ–પે રૂ.૫૪૦૦ | | | | | | | | |
| વય મર્યાદા | ઉમેદવારએ ૨૫ વર્ષની ઉંમર પુરી કરેલ હોવી જોઈએ. પરંતુ ૩૦ વર્ષ કરતા ઉંમર વધુ હોવી જોઈએ નહી. ( તાઃ૧૫–૬–૨૦૧૩ ની સ્થિતિએ) | | | | | | | | |
| શૈક્ષણિક લાયકાત | ઉમેદવારએ માન્ય યુનિર્વસીટીમાંથી પ્રથમ અથવા હાયર સેકન્ડ કલાસ સાથે સીવીલ એન્જીનીયરીંગમાં સ્નાતકની પદવી અથવા ઉચ્ચ અથવા સમકક્ષ પદવી ધરાવતા હોવા જોઈએ. | | | | | | | | |
| અનુભવ | ઉમેદવાર પાંચ વર્ષનો ધંધાકીય અનુભવ ધરાવતા હોવા જોઈએ. | | | | | | | | |

| **૮.નાયબ કાર્યપાલક ઈજનેર (ઈલેકટ્રીકલ/ મીકેનીકલ)** | અનુ.જાતિ | | અનુ.જનજાતિ | | સા.શૈ.પ. | | બીન અનામત | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | |
| | – | – | – | – | – | – | – | ૧ | ૦૧ |
| વર્ગ | ૨ | | | | | | | | |
| પગાર ધોરણ | પે–બેન્ડ રૂ.૯૩૦૦–૩૪૮૦૦ + ગ્રેડ–પે રૂ.૫૪૦૦ | | | | | | | | |
| વય મર્યાદા | ઉમેદવારએ ૨૫ વર્ષની ઉંમર પુરી કરેલ હોવી જોઈએ. પરંતુ ૩૦ વર્ષ કરતા ઉંમર વધુ હોવી જોઈએ નહી. ( તાઃ૧૫–૬–૨૦૧૩ ની સ્થિતિએ) | | | | | | | | |
| શૈક્ષણિક લાયકાત | ઉમેદવારએ માન્ય યુનિર્વસીટીમાંથી હાયર સેકન્ડ કલાસ સાથે ઈલેકટ્રીકલ/મીકેનીકલ એન્જીનીયરીંગમાં સ્નાતકની પદવી અથવા ઉચ્ચ અથવા સમકક્ષ પદવી ધરાવતા હોવા જોઈએ. | | | | | | | | |

| | |
|---|---|
| અનુભવ | ઉમેદવાર ઓછામાં ઓછો પાંચ વર્ષનો ઈલેકટ્રીકલ/મીકેનીકલના મેઈન્ટેનન્સ, ડીસ્ટ્રીબ્યુશન, ડીઝાઈન, એસ્ટીમેશન વિગેરે કામગીરીનો સુપરવાઈઝરી કક્ષાનો અનુભવ ધરાવતા હોવા જોઈએ. |

| ૯.મદદનીશ ઈજનેર (સીવીલ) | અનુ.જાતિ | | અનુ.જનજાતિ | | સા.શૈ.પ. | | બીન અનામત | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | |
| | – | – | – | ૨ | ૧ | ૨ | ૨ | ૬ | ૧૩ |
| વર્ગ | ૨ | | | | | | | | |
| પગાર ધોરણ | પે–બેન્ડ રૂ.૯૩૦૦–૩૪૮૦૦ + ગ્રેડ–પે રૂ.૪૬૦૦ | | | | | | | | |
| વય મર્યાદા | ઉમેદવારની ઉંમર ૨૮ વર્ષ કરતા વધુ હોવી જોઈએ નહી.<br>( તા:૧૫–૬–૨૦૧૩ ની સ્થિતિએ) | | | | | | | | |
| શૈક્ષણિક લાયકાત | ઉમેદવારએ માન્ય યુનિર્વસીટીમાંથી ઓછામાં ઓછા દ્વિતીય વર્ગ સાથે સીવીલ એન્જીનીયરીંગની સ્નાતકની પદવી અથવા ઉચ્ચ અથવા સમકક્ષ પદવી ધરાવતા હોવા જોઈએ. | | | | | | | | |
| અનુભવ | ઉમેદવારનો ધંધાકીય અનુભવ આવકાર્ય રહેશે. | | | | | | | | |

| ૧૦.મદદનીશ ઈજનેર (ઈલેકટ્રીકલ / મીકેનીકલ) | અનુ.જાતિ | | અનુ.જનજાતિ | | સા.શૈ.પ. | | બીન અનામત | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | |
| | – | – | – | – | – | – | ૧ | ૧ | ૨ |
| વર્ગ | ૨ | | | | | | | | |
| પગાર ધોરણ | પે–બેન્ડ રૂ.૯૩૦૦–૩૪૮૦૦ + ગ્રેડ–પે રૂ.૪૬૦૦ | | | | | | | | |
| વય મર્યાદા | ઉમેદવારની ઉંમર ૨૮ વર્ષ કરતા વધુ હોવી જોઈએ નહી.<br>( તા:૧૫–૬–૨૦૧૩ ની સ્થિતિએ) | | | | | | | | |
| શૈક્ષણિક લાયકાત અને અનુભવ | ૧.ઉમેદવારએ માન્ય યુનિર્વસીટીમાંથી હાયર સેકન્ડ કલાસ સાથે ઈલેકટ્રીકલ / મીકેનીકલ એન્જીનીયરીંગની સ્નાતકની પદવી અથવા ઉચ્ચ અથવા સમકક્ષ પદવી ધરાવતા હોવા જોઈએ અને એક વર્ષનો ધંધાકીય અનુભવ ધરાવતા હોવા જોઈએ.<br>૨. અથવા ડીપ્લોમા એન્જીનીયરીંગ (ઈલેકટ્રીકલ / મીકેનીકલ) સાથે પ્રથમ વર્ગ અને ત્રણ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ. | | | | | | | | |

| ૧૧.અધિક મદદનીશ ઈજનેર(સીવીલ) | અનુ.જાતિ | | અનુ.જનજાતિ | | સા.શૈ.પ. | | બીન અનામત | | શાખોખા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | | |
| | – | ૧ | ૧ | ૨ | ૨ | ૪ | ૩ | ૭ | ૨ | ૨૨ |
| વર્ગ | ૩ | | | | | | | | | |
| પગાર ધોરણ | પે–બેન્ડ રૂ.૯૩૦૦–૩૪૮૦૦ + ગ્રેડ–પે રૂ.૪૪૦૦ | | | | | | | | | |
| વય મર્યાદા | ઉમેદવારની ઉંમર ૨૮ વર્ષ કરતા વધુ હોવી જોઈએ નહી.<br>( તા:૧૫–૬–૨૦૧૩ ની સ્થિતિએ) | | | | | | | | | |
| શૈક્ષણિક લાયકાત અને અનુભવ | ૧.ઉમેદવારે માન્ય યુનિર્વસીટી માંથી ડીપ્લોમા સીવીલ એન્જીનીયરીંગ સાથે ફર્સ્ટ કલાસ અથવા હાયર સેકન્ડ કલાસની પદવી અથવા ઉચ્ચ અથવા સમકક્ષ પદવી ધરાવતા હોવા જોઈએ.<br>૨.ઉમેદવારનો ધંધાકીય અનુભવ આવકાર્ય રહેશે. | | | | | | | | | |

| ૧૨.અધિક મદદનીશ ઈજનેર(ઈલે./મીકે.) | અનુ.જાતિ | | અનુ.જનજાતિ | | સા.શૈ.પ. | | બીન અનામત | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | |
| | – | – | – | ૧ | – | ૨ | ૧ | ૧ | ૫ |
| વર્ગ | ૩ | | | | | | | | |
| પગાર ધોરણ | પે–બેન્ડ રૂ.૯૩૦૦–૩૪૮૦૦ + ગ્રેડ–પે રૂ.૪૪૦૦ | | | | | | | | |

| | |
|---|---|
| વય મર્યાદા | ઉમેદવારની ઉંમર ૨૮ વર્ષ કરતા વધુ હોવી જોઈએ નહી.<br>( તા:૧૫–૬–૨૦૧૩ ની સ્થિતિએ) |
| શૈક્ષણિક લાયકાત અને અનુભવ | ૧.ઉમેદવારે માન્ય યુનિર્વસીટી માંથી ડીપ્લોમા–ઈન–ઈલેકટ્રીકલ / મીકેનીકલ એન્જીનીયરીંગ સાથે ફર્સ્ટ કલાસ અથવા હાયર સેકન્ડ કલાસની પદવી અથવા ઉચ્ચ અથવા સમકક્ષ પદવી ધરાવતા હોવા જોઈએ.<br>૨.ઉમેદવારનો ધંધાકીય અનુભવ આવકાર્ય રહેશે. |

| **૧૩.જુનીયર અધિકારી** | અનુ.જાતિ | | અનુ.જનજાતિ | | સા.શૈ.પ. | | બીન અનામત | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | |
| | – | – | – | ૧ | – | ૧ | ૧ | ૪ | ૭ |

| | |
|---|---|
| વર્ગ | ૩ |
| પગાર ધોરણ | પે–બેન્ડ રૂ.૯૩૦૦–૩૪૮૦૦ + ગ્રેડ–પે રૂ.૪૪૦૦ |
| વય મર્યાદા | ઉમેદવારએ ૨૫ વર્ષ પૂર્ણ કરેલ હોવા જોઈએ પરંતુ ૩૦ વર્ષ કરતા વધુ હોવા જોઈએ નહી. ( તા:૧૫–૬–૨૦૧૩ ની સ્થિતિએ) |
| શૈક્ષણિક લાયકાત અને અનુભવ | ૧.ઉમેદવાર માન્ય યુનિર્વસીટી માંથી સ્નાતકની પદવી અથવા ઉચ્ચ અથવા સમકક્ષ પદવી ધરાવતા હોવા જોઈએ.<br><br>૨. ઉમેદવારને ૧ (એક) વર્ષ નો વહીવટી અનુભવ હોવો જરૂરી છે. |

| **૧૪. મદદનીશ** | અનુ.જાતિ | | અનુ.જનજાતિ | | સા.શૈ.પ. | | બીન અનામત | | શાખોખા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | | |
| | – | – | – | ૧ | ૩ | ૭ | ૪ | ૯ | ૧ | ૨૫ |

| | |
|---|---|
| વર્ગ | ૩ |
| પગાર ધોરણ | પે–બેન્ડ રૂ.૯૩૦૦–૩૪૮૦૦ + ગ્રેડ–પે રૂ.૪૨૦૦ |
| વય મર્યાદા | ઉમેદવારએ ૨૦ વર્ષ પૂર્ણ કરેલ હોવા જોઈએ. પરંતુ ૩૦ વર્ષ કરતા વધુ હોવા જોઈએ નહી. ( તા:૧૫–૬–૨૦૧૩ ની સ્થિતિએ) |
| શૈક્ષણિક લાયકાત અને અનુભવ | ૧.ઉમેદવાર માન્ય યુનિર્વસીટીની કોઈપણ વિદ્યાશાખા માંથી સ્નાતકની પદવી અથવા ઉચ્ચ અથવા સમકક્ષ પદવી ધરાવતા હોવા જોઈએ.<br>૨.અગાઉનો અનુભવ આવકાર્ય રહેશે. |

| **૧૫. આસીસ્ટંટ ડ્રાફટસમેન** | અનુ.જાતિ | | અનુ.જનજાતિ | | સા.શૈ.પ. | | બીન અનામત | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | |
| | – | – | – | – | – | – | – | ૧ | ૧ |

| | |
|---|---|
| વર્ગ | ૩ |
| પગાર ધોરણ | પે–બેન્ડ રૂ.૫૨૦૦–૨૦૨૦૦ + ગ્રેડ–પે રૂ.૨૪૦૦ |
| વય મર્યાદા | ઉમેદવારએ ૨૦ વર્ષ પૂર્ણ કરેલ હોવા જોઈએ પરંતુ ૩૦ વર્ષ કરતા વધુ હોવા જોઈએ નહી. ( તા:૧૫–૬–૨૦૧૩ ની સ્થિતિએ) |
| શૈક્ષણિક લાયકાત અને અનુભવ | ૧.ઉમેદવાર ગુજરાત સેકન્ડરી બોર્ડ માંથી સેકન્ડરી સ્કુલ સર્ટીફીકેટ એકઝામીનેશનની પરીક્ષા અથવા અન્ય સમકક્ષ કે ઉચ્ચ પદવી માન્ય યુનિર્વસીટીની ધરાવતા હોવા જોઈએ અને સીવીલ ડ્રાફટસમેનશીપ અને ડ્રાફટસમેન એસ્ટીમેશન સર્ટીફીકેટની પરીક્ષા ટેકનીકલ એકઝામીનેશન બોર્ડ અથવા સીવીલ ડ્રાફટસમેનશીપ ટ્રેનીંગ માંથી પાસ કરેલ હોવી જોઈએ.<br><br>૨. ઉમેદવારને બે વર્ષનો ધંધાકીય અનુભવ આવશ્યક છે. |

| **૧૬.સ્ટેનોગ્રાફર ગ્રેડ–૩ (ગુજરાતી)** | અનુ.જાતિ | | અનુ.જનજાતિ | | સા.શૈ.પ. | | બીન અનામત | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | |
| | – | – | – | ૩ | – | ૨ | – | ૩ | ૦૮ |

| | |
|---|---|
| વર્ગ | ૩ |
| પગાર ધોરણ | પે–બેન્ડ રૂ.૫૨૦૦–૨૦૨૦૦ + ગ્રેડ–પે રૂ.૨૪૦૦ |

| | |
|---|---|
| વય મર્યાદા | ઉમેદવારએ ૧૮ વર્ષ પૂર્ણ કરેલ હોવા જોઈએ પરંતુ ૪૦ વર્ષ કરતા વધુ હોવા જોઈએ નહી. ( તા:૧૫–૬–૨૦૧૩ ની સ્થિતિએ) |
| શૈક્ષણિક લાયકાત અને અનુભવ | ૧.ઉમેદવાર ગુજરાત સેકન્ડરી સ્કુલ સર્ટીફીકેટ એકઝામીનેશ બોર્ડ માંથી સેકન્ડરી સ્કુલ સર્ટીફીકેટ એકઝામીનેશનની પરીક્ષા પાસ અથવા અન્ય સમકક્ષ કે ઉચ્ચ પદવી માન્ય યુનિર્વસીટીની ધરાવતા હોવા જોઈએ.<br>૨.ઉમેદવારને ગુજરાતી લઘુલીપીમાં ઓછામાં ઓછા ૬૦ શબ્દો પ્રતિ મીનીટ અને ગુજરાતી ટાઈપીંગ ઓછામાં ઓછા ૨૫ શબ્દો પ્રતિ મીનીટની ઝડપ હોવી જોઈએ.<br>૩. ઉમેદવારનો અગાઉનો અનુભવ આવકાર્ય રહેશે. |

**અન્ય શરતો :**

૧ જે શૈક્ષણિક સંસ્થાઓ સ્નાતકની પદવી માટે મેળવેલ ગુણને બદલે ગ્રેડ આપતાં હોય તો આવા કિસ્સામાં ઉમેદવારે પોતાની સંસ્થામાંથી માહિતી મેળવી અથવા ટ્રાન્સસ્ક્રીપ્ટ મુજબ ગ્રેડને અનુરૂપ ટકાવારીની માહિતી આપવાની રહેશે અને તેની ચકાસણી કરી ગ્રેડને અનુરૂપ ટકાવારી નકકી કરવાની સત્તા નિગમના સક્ષમ અધિકારીને રહેશે.

૨ એક ઓનલાઈન અરજીપત્રક ધ્વારા એક જ સંવર્ગમાં અરજી થઈ શકશે. એક કરતાં વધુ સંવર્ગમાં એક જ ઓનલાઈન અરજીપત્રકના ઉપયોગના પ્રસંગે અરજી રદ ગણવામાં આવશે.

૩ ઉમેદવારએ જયારે **ojas website** પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને ફી ભરવા માટે ઓનલાઈન ઉપલબ્ધ ચલણની ત્રણ નકલોની એક પાના પર પ્રીન્ટ મેળવવાની સુચના મળશે. ઉમેદવારએ આ પાનાની પણ પ્રીન્ટ મેળવી લેવાની રહેશે. ઉમેદવારે ચલણ સાથે કોઈપણ કોમ્પ્યુરાઈઝડ પોસ્ટ ઓફીસમાં જઈને જનરલ કેટેગરીના ઉમેદવારોએ પરીક્ષા ફી પેટે રૂ.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા) અને એસ.સી. / એસ.ટી. / એસ.ઈ.બી.સી. / એકસ સર્વીસમેન કેટેગરી તથા ૪૦% થી વધુ શારીરિક અપંગતા ધરાવતા ઉમેદવાર માટે રૂ.૨૫૦/–(અંકે રૂપિયા બસો પચાસ પુરા) **જીઆઈડીસી, ગાંધીનગર**ના નામે ભરી દેવાના રહેશે. ચલણની એક નકલ પોસ્ટ ઓફીસ રાખી લેશે અને બે નકલ ઉમેદવારને સિકકા / સ્ટીકર સાથે પરત આપશે. આ બે નકલ ઉમેદવારએ સાચવી રાખવાની રહેશે અને લેખિત પરીક્ષા સમયે કોલ લેટર સાથે બન્ને નકલ અચૂક લાવવાની રહેશે. અન્યથા ઉમેદવારને પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે નહી. તેમજ અન્ય કોઈ રીતે ફી સ્વીકારવામાં આવશે નહી. ઉમેદવારને ફી ભર્યા બાદ ચોવીસ કલાકમાં જો **SMS** ન મળે તો તાત્કાલીક જે તે પોસ્ટ ઓફીસનો સંપર્ક કરવો. ફી ભર્યા બાદ રીફન્ડ મળવાપાત્ર નથી.

૪ સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંકઃસીઆરઆર/૧૦૯૬/ ૨૨૧૩/ગર, તા.૨૨.૫.૧૯૯૭ થી મહિલા ઉમેદવાર માટે ૩૦% જગ્યાઓ અનામત રાખવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

૫ **વયમર્યાદામાં છૂટછાટ :–**

**(ક)**અનુસૂચિત જાતિ,અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૫ (પાંચ) વર્ષની છૂટછાટ ઉપલબ્ધ બનશે. તેઓ ગુજરાત રાજયના મૂળ વતની હોય તે આવશ્યક છે. અનામત વર્ગોના ઉમેદવાર જો બીનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહી.

**(ખ)**સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨, તા.૨૨.૫.૯૭ બીન અનામત વર્ગના મહિલા ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં પાંચ વર્ષ અને સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/ ૨૨૧૩/ગ.૨, તા.૨૬.૮.૯૭ મુજબ અનામત વર્ગના મહિલા ઉમેદવારોને દશ વર્ષની ઉપલી વય મર્યાદામાં છુટછાટ આપવામાં આવશે. વધુમાં મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાએ જો લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તે કેટેગરીના પુરૂષ ઉમેદવારોથી ભરવામાં આવશે.

**(ગ)**સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૨૦૦૦/ જીઓઆઈ/૭/ગ.૨ તા.૧૫.૨.૨૦૦૧ થી ૪૦% થી વધુ અપંગતા ધરાવતા ઉમેદવારને દશ વર્ષની ઉપલી વય મર્યાદામાં

છુટછાટ આપવામાં આવશે. જે માટે "જનરલ હોસ્પિટલના અધિક્ષક" નું પ્રમાણપત્ર માન્ય રહેશે.

**(ઘ)**સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક:સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨, તા.૨૬.૮.૯૭ મુજબ ઉપરોકત ક, ખ, ગ માં ઉપલી વય મર્યાદામાં છુટછાટ નિયત તારીખે ૪૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

**(ચ)**માજી સૈનિક માટે કુલ જગ્યાઓના ૧% મુજબ અનામત છે. જે જે તે કેટેગરી સામે સરભર કરાશે. માજી સૈનિક માટેની અનામત જગ્યા માટે જો લાયક માજી સૈનિક ન મળે તો તે જગ્યા જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે. ભરતી કરવાની જગ્યાની સંખ્યા જોતાં માજી સૈનિકની કોઈ જગ્યા કોઈ સંવર્ગમાં ઉપલબ્ધ બનતી નથી. અલબત્ત માજી સૈનિક ઉમેદવારના કિસ્સામાં ઉપલી વય મર્યાદામાં નિયમાનુસારની છુટછાટ આપવામાં આવશે. જે તા.૨.૩.૨૦૦૯ ના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ અનુસાર વધુમાં વધુ ૪૦ વર્ષની છે.

**(છ)**ઉમેદવારએ ઓનલાઈન ફોર્મ ભરતી વખતે તેઓ અનામત કેટેગરીમાં અરજી કરવા માંગે છે કે બીનઅનામત કેટેગરીમાં અરજી કરવા માંગે છે તે સ્પષ્ટ જણાવવુ. એક વખત ઓનલાઈન અરજી કર્યા બાદ ઓનલાઈન ફોર્મમાં દર્શાવેલ જાતિ / કક્ષામાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવા દેવામાં આવશે નહી. જો કોઈ ઉમેદવાર પાછળથી આ બાબતે રજુઆત કરશે તો તેની રજુઆત સ્વીકારવામાં આવશે નહી, કે તેનો કોઈ પ્રત્યુતર આપવામાં આવશે નહી. ઉમેદવારોને આ સુચના ધ્યાને લઈ, તેનું અચૂકપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

૬ સામાન્ય વહીવટ વિભાગના નોટીફીકેશન તા.૧૩.૮.૨૦૦૮ થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગે બેઝીક નોલેજ ધરાવતા હોવા બાબતે કોઈ પણ સરકાર માન્ય તાલીમ સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ. તથા સરકાર માન્ય યુનિર્વસીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગે કોઈ પણ ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્ર અથવા ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈશે. આ તબકકે આ પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ નિમણૂંક મેળવતા પહેલાં આ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે નહીં. તદુપરાંત સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક, તા.૩૦.૯.૨૦૦૬ મુજબ સીધી ભરતીના ઉમેદવારે તેના અજમાયશી સમયગાળા દરમ્યાન નિયમોનુસાર CCC / CCC+ પરીક્ષા પાસ કરવાની રહેશે. અજમાયશી સમયગાળા દરમ્યાન પરીક્ષા પસાર ન કરે તેઓનો નિયમોનુસાર અજમાયશી સમય લંબાવી શકાશે. તે સમય દરમ્યાન પણ જો પરીક્ષા પાસ ન કરે તો તેમની સેવા સમાપ્ત કરવાની રહેશે. CCC / CCC+ પરીક્ષા પાસ કરે તેઓને સેવામાં પરત લઈ શકાશે.

૭ ઉમેદવારને ગુજરાતી / હિન્દી / અંગ્રેજી ભાષાનું પર્યાપ્ત જ્ઞાન જરૂરી છે. તેઓ ગુજરાતી ભાષા યોગ્ય રીતે બોલી, વાંચી અને લખી શકે તે જરૂરી છે.

૮ નિગમ ધ્વારા ઉમેદવાર પાસેથી લાયકાત, જાતિ અંગેનું પ્રમાણપત્ર કે અન્ય વિગતો માંગેથી રજુ કરવાના રહેશે.

૯ અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના ઉમેદવારોના જાતિ અંગેના પ્રમાણપત્ર તથા તેની પાત્રતા બાબતે ગુજરાત સરકાર ધ્વારા જારી કરવામાં આવેલ સ્થાયી સુચનાઓ, પરિપત્રો/નિયમો મુજબ અમલ કરવાનો રહેશે.

૧૦ ઉપર દર્શાવેલ અનામતની જગ્યાઓમાં રોસ્ટર નીતિ અને નિયત ટકાવારી અનુસાર ફેરફાર / સુધારો કરવાની સત્તા નિગમને અબાધિત રહેશે.

૧૧ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં તેઓનો સમાવેશ થતો નથી તે મતલબનું પ્રમાણપત્ર સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬–૦૨–૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ઠ–ક માં તા.૩૧–૦૩–૨૦૧૩ ના રોજ પુરા થયેલ ૨૦૧૨–૧૩ ના નાણાંકીય વર્ષની આવકને ધ્યાને લઈને તા.૦૧–૦૪–૨૦૧૩ ના રોજ થી તા.૧૫–૦૬–૨૦૧૩ સુધી યોગ્ય સત્તાધિકારીએ આપેલ હોવુ જોઈએ અને આ પરિશિષ્ટ–ક નો નંબર અને તારીખ ઓનલાઈન અરજી વખતે દર્શાવવાનો રહેશે. પરિશિષ્ટ–ક ના સ્થાને એનેક્ષર–એ નું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહી.

૧૨ ઉમેદવારે અરજીપત્રકમાં કોઈપણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું ઉમેદવારી પત્રક કોઈપણ તબકકે રદ કરવામાં આવશે અને તેને લાયકી ધોરણ મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે.

૧૩ ભરતી પ્રક્રિયા દરમ્યાન રાજકીય કે અન્ય કોઈ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવારને ગેરલાયક ઠેરવી બાકાત રાખવામાં આવશે.

૧૪ નિગમ ધ્વારા યોજેલ આ ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણુક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણુક મેળવવાપાત્ર થશે.

૧૫ આ જાહેરાત કોઈપણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો નિગમને સંપૂર્ણ હકક / અધિકાર રહેશે અને નિગમ આ માટે કારણ આપવા બંધાયેલ નથી. આવા સંજોગોમાં ભરેલ અરજી ફી પરત મળવાપાત્ર થશે નહી.

૧૬ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના પાત્રતા ધરાવતા અધિકારી / કર્મચારીઓને ઉપલી વય મર્યાદામાં ૫ (પાંચ) વર્ષ ની છૂટછાટ રહેશે. પરંતુ સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.ર, તા.૨૬.૮.૯૭ મુજબ ઉપલી વય મર્યાદામાં છુટછાટ નિયત તારીખે ૪૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ. જયારે શૈક્ષણિક લાયકાત અને અનુભવમાં કોઈ છૂટછાટ રહેશે નહી.

૧૭ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ સિવાયના તમામ ઉમેદવારોએ અનુભવ માટે નોકરી કર્યા અંગેના પ્રોવિડન્ડ ફંડ / કોન્ટ્રીબ્યુટરી પ્રોવિડન્ડ ફંડ અથવા પગાર સ્લીપની સંપુર્ણ વિગતો રજુ કરવાની રહેશે.

૧૮ ઉમેદવાર ભારતનો નાગરીક હોવો જોઈએ અથવા તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો–૧૯૬૭ ના નિયમ–૭ હેઠળ કરવામાં આવેલ જોગવાઈ મુજબ પાત્રતા ધરાવતો હોવો જોઈએ.

૧૯ વય મર્યાદા માટે **તારીખ :૧૫–૬–૨૦૧૩** કટઓફ તારીખ ગણવામાં આવશે.

૨૦ **<u>પસંદગીની પ્રક્રિયા :</u>**

પસંદગીની પ્રક્રિયા બે તબકકામાં યોજવામાં આવશે. જેમાં ઉમેદવાર તેની લાયકાત / યોગ્યતા / પાત્રતાના ધોરણે નિગમ નકકી કરે તે મુજબ પ્રથમ તબકકે લેખિત અને બીજા તબકકે મૌખિક પરીક્ષા રહેશે. લેખિત પરીક્ષામાં ઉર્તીણ થયેલ ઉમેદવાર જ મૌખિક પરીક્ષા માટે લાયક ગણાશે.

**<u>સામાન્ય સુચનાઓ :</u>**

૨૧ પરીક્ષા કાર્યક્રમ અંગેની તારીખ તથા પરીક્ષા સ્થળ / કેન્દ્ર અંગેની માહિતી હવે પછી એન.આઈ.સી. ની વેબસાઈટ **http://ojas.guj.nic.in** ઉપર જાહેર કરવામાં આવશે.

૨૨ સદરહુ ભરતી સંબંધી તમામ સુચનાઓ / વિગતો વખતો–વખત **http://ojas.guj.nic.in** વેબસાઈટ પરથી જોવા મળી શકશે.

૨૩ ઉમેદવારએ અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજી પત્રક જે તે તબકકે રદ્દ ગણવામાં આવશે.

૨૪ પોતે આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા પાત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણુંક મેળવવાનો દાવો કરવાને હકકદાર થશે નહી. નિમણુંક કરનાર અધિકારીને એવી ખાત્રી થાય કે નિયમોનુસાર અને આ જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર યોગ્ય જણાતા નથી તો તે તબકકે આ ઉમેદવારને નિમણુંક ન આપવાનો નિર્ણય લઈ શકશે અને આ બાબતે નિમણુંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

૨૫ ગુજરાતના સરકારી / અર્ધ સરકારી / કેન્દ્ર / રાજયના જાહેર સાહસોમાં ફરજ બજાવતા સરકારી કર્મચારી આ જાહેરાત સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે. પરંતુ તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ / ખાતા / કચેરીને દિન–૭ માં અચૂક કરવાની રહેશે. ઉમેદવારના વિભાગ / ખાતા / કચેરી તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ (ત્રીસ) દિવસમાં સક્ષમ અધિકારીના સહી–સિકકા સાથેનો (ના વાંધા પ્રમાણપત્ર) નીચે સહી કરનારને રજુ કરવાનું રહેશે. અન્યથા આપની ઓન લાઈન અરજી રદ્દ ગણવામાં આવશે.

૨૬ સ્ટેનોગ્રાફર ગ્રેડ–૩ ની લઘુલીપી તેમજ ટાઈપીંગ સ્પીડ માટે પરીક્ષા પાસ કર્યા અંગેનુ પ્રમાણપત્ર સામેલ કરવાનુ રહેશે.

## : અરજી કરવાની રીત :

આ જાહેરાતના સંદર્ભમાં એન.આઈ.સી.ની http://ojas.guj.nic.in વેબસાઈટ મારફત ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા તા.૧૩–૦૫–૨૦૧૩ (૧૪.૦૦ કલાક) થી તા.૧૫–૦૬–૨૦૧૩ (૨૩.૫૯ કલાક) દરમ્યાન વેબસાઈટ http://ojas.guj.nic.in પર અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે (૧) સૌ પ્રથમ કોમ્પ્યુટરમાં ઈનટરનેટમાં વેબસાઈટ http://ojas.guj.nic.in પર જવું. હવે (૨)" Apply on line" Click કરવાથી ભરવાપાત્ર જગ્યાનો જાહેરાત ક્રમાંકઃનામ અને અરજી કરવાની મુદતની વિગત દેખાશે. (૩) અરજી કરવા ઈચ્છતા ઉમેદવારે જગ્યા પસંદ કર્યેથી તેની નીચે "Apply now" પર click કરવાથી Application format દેખાશે. Application format માં સૌ પ્રથમ " Personal details" ઉમેદવારે ભરવી (અહીં લાલ ફુદડી ) (*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે. (૪) Personal Details ભરાયા બાદ "Educational details" ભરવા માટે "Educational details" પર click કરવું. (૫) "Educational details" ભરાયા બાદ અનુભવની અને ત્યારબાદ વધારાની શૈક્ષણિક લાયકાત હોય તો તેની માહિતી ભરવાની રહેશે. (૬) તેની નીચે "Self declaration" માં Yes/No પર click કરવું.(૭) હવે Save પર click કરવાથી તમારી અરજીનો Online સ્વીકાર થશે. અરજીના સ્વીકારથી આપનો "Application Number" generate થશે. જે ઉમેદવારે નોંધી લેવાનો અને સાચવીને રાખવાનો રહેશે. (૮) હવે પેજના ઉપરના ભાગમાં Upload Photograph પર click કરો. અહીં તમારો Application Number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ OK પર click કરવું. અહીં Photo અને Signature upload કરવાના છે. ( Photo નું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ પહોળાઈ અને Signature નું માપ ૨.૫ સે.મી. લંબાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી). Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature jpg format માં ( 15 kb ) સાઈઝથી વધારે નહીં તે રીતે computer માં હોવા જોઈએ) "browse" button પર click કરો અને Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં jpg format માં તમારો photo store થયેલ છે તે ફાઈલને Select કરો અને Open Button ને click કરો. હવે " "browse" button ની બાજુમાં" Upload button પર "browse" button પર click કરો. જેથી બાજુમાં તમારો photo દેખાશે. હવે આ જ રીતે signature પણ upload કરવાની રહેશે. (૯) હવે પેજના ઉપરના ભાગમાં " Confirm Application" પર click કરો અને Application Number" તથા Birth Date Type કર્યા બાદ ok પર click કરવાથી બે(૨) બટન (૧) application preview(૨)Confirm Application દેખાશે. ઉમેદવારે application preview પર Click કરી પોતાની અરજી જોઈ લેવી અરજીમાં સુધારો કરવાનો જણાય તો edit application ઉપર Click કરીને સુધારો કરી લેવો. અરજી Confirm કર્યા પહેલાં કોઈ પણ પ્રકારનો સુધારો થઈ શકશે. પરંતુ અરજી Confirm થયા બાદ કોઈ પણ પ્રકારનો સુધારો શકય બનશે નહીં. જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ Confirm Application" પર Click કરવું.Confirm Application" પર Click કરવાથી ઉમેદવારની અરજીનો online સ્વીકાર થઈ જશે. અહીં "Confirm Number "Generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ ઉમેદવારે સાચવવાનો રહેશે. "Confirm Number " સિવાય કોઈ પણ પત્ર વ્યવહાર કે પરીક્ષાને લગતી કોઈ પણ કાર્યવાહી કરી શકાશે નહીં. આ નંબર ભવિષ્યમાં આ જાહેરાતના સંદર્ભમાં કોઈ પણ પત્ર વ્યવહારમાં સંદર્ભ તરીકે દર્શાવવાનો રહેશે. (૧૦) હવે Print Application પર Click કરવું. અહીં તમારો "

"Confirm Number " ટાઈપ કરવાનો અને Print પર Click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી. (૧૧) અરજી Confirm થયેથી તુરતજ અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર SMS મળશે. આપના મોબાઈલ નંબર ઉપર આ જાહેરાત સંદર્ભે SMS થી જાણ કરવામાં આવશે. (૧૨) આ જાહેરાત સબંધિત પરીક્ષા અને પસંદગી પ્રક્રિયા સંદર્ભની તમામ સુચનાઓ આપે અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર જ SMS થી જાણ કરવામાં આવશે. જેથી આ પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થાય નહીં ત્યાં સુધી આપનો મોબાઈલ નંબર બદલવો નહીં. અન્યથા પરીક્ષા સબંધિત સુચનાઓ આપને નહીં મળે તો નિગમની જવાબદારી રહેશે નહીં.

આ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાના ભરતી નિયમો અન્વયે શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા, વય મર્યાદામાં છુટછાટ, પરીક્ષા ફી અને પરીક્ષાને લગતી પસંદગીની પધ્ધતિની અને જાહેરાતની અન્ય તમામ વિગતો એન.આઈ.સી.ની http://ojas.guj.in ઉપર જોવા મળશે. ઉમેદવારે ઓન લાઈન અરજી પત્રકમાં બતાવેલી કોઈ પણ વિગત અને ઉમેદવારે નિમણૂંક સત્તાધિકારી સમક્ષ રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અન્ય લાયકાતોને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે નિમણૂંક અધિકારી ધ્વારા ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને આવા ઉમેદવારોની ઉમેદવારી / નિમણુક સત્તાધિકારી ધ્વારા રદ્દ કરવામાં આવશે. તેમજ આવા ઉમેદવારની જો પસંદગી/નિમણૂંક થયેલ હશે તો સબંધિત કચેરી ધ્વારા કોઈ પણ તબકકે રદ્દ કરવામાં આવશે. આ સંવર્ગની સીધી ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે જીઆઈડીસી સ્ટાફ રેગ્યુલેશન–૧૯૬૩ અને વખતો વખત તેમાં થયેલ સુધારા અને તે અન્વયે આ સંવર્ગોના ભરતી નિયમો/પરીક્ષા નિયમોને આધીન રહેશે. આ જગ્યાની ભરતી પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાતમાં કોઈ પણ ફેરફાર કરવાની કે રદ્દ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો નિગમને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે અને નિગમ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

**<u>ખાસ નોંધ</u> : નિગમનો હેલ્પલાઈન નંબર – (૦૭૯) ૨૩૨ ૫૦૬૯૯**

સહી/–

**જનરલ મેનેજર(ઈએન્ડએ)**

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
ઉદ્યોગભવન, બ્લોકનં. ૪, બીજો માળ, સેકટર–૧૧,
ગાંધીનગર. ૩૮૨૦૧૭